### ગુજરાત યુનિવર્સિટી ઈન્ટરકૉલેજ

# જુડો સ્પર્ધામાં પી કે ચૌધરી કૉલેજ ઝળકી



ગાંધીનગર, તા. ૧

ગુજરાત યુનિવર્સિટી ઈન્ટરકૉલેજ જુડો સ્પર્ધા સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, ખોખરા, અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી. શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ રનર્સ-અપ વિજેતાપદ પ્રાપ્ત કર્યુ હતું. ચેતની બી જોષી ૫૨ કિગ્રા વજન જૂથમાં દ્વિતીય, ભારતી ડી ચૌધરી ૬૩ કિગ્રા વજન જૂથમાં દ્વિતિય, કિંજલ પી નાડીયા ૭૦ કિગ્રા વજન જૂથમાં દ્વિતીય, લલિતા કે ચૌધરી અને શીતલ એચ પટેલ ૫૨ કિગ્રા વજન જૂથમાં તૃતિય અને માયા એમ ચૌધરી ૬૩ કિગ્રા વજન જૂથમાં તૃતિય ક્રમે વિજેતા બન્યાં હતાં. વિદ્યાર્થિનીઓને તાલીમ શારીરિક શિક્ષણના પ્રૉફેસર વિનોદભાઈ ચૌધરી દ્વારા આપવામાં આવી હતી. કૉલેજ પરિવાર વતી આચાર્ય ડૉ. એમ એમ ચૌધરીએ વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



ગુજરાત યુનિવર્સિટી દ્વારા સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, ખોખરા, અમદાવાદ ખાતે તાજેતરમાં બેડમિન્ટન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થી આકાશ આલોકે ભાગ લઈ સુંદર ખેલ પ્રદર્શન કર્યું હતું. તેની પસંદગી ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટે કરવામાં આવી હતી.

કૉલેજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા અને આચાર્ય દીપક પંડ્યાએ સમગ્ર કૉલેજ પરિવાર વતી આકાશ તથા તેના કોચ પ્રા. મહેન્દ્ર મોડિયાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



ધનંજય આર. જોષી
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮



પ્રા. રમેશભાઈ મ પટેલ
મો. ૯૪૨૮૨ ૧૭૬૮૨



ભવ્ય ભાગ્યેશ પારેખ



મોક્ષિત એન સુતરિયા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# શલાકા શકુંત આપ્ટેના પ્રથમ કાવ્ય સંગ્રહ 'ફ્રોઝન વર્ડ્સ'નું વિમોચન કરવામાં આવ્યું




ગાંધીનગર, તા. ૧

શલાકા શકુંત આપ્ટે લિખિત પ્રથમ કાવ્ય સંગ્રહ 'ફ્રોઝન વર્ડ્સ'નો વિમોચન સમારંભ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન અમદાવાદ ખાતે યોજાયો હતો.આ કાવ્ય સંગ્રહનુ વિમોચન માયથોલોજીકલ નવલકથાકાર અને બેસ્ટ સેલીંગ લેખક અમિષ ત્રિપાઠી, ગુજરાતી ભાષાના પ્રસિધ્ધ કવિ, લેખક અને ગુજરાતી ભાષાના પુરસ્કર્તા તુષાર શુક્લ, એસએલએસ, પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના ડિરેક્ટર પ્રો. ડો. નિગમ દવે અને અર્થશાસ્ત્રી જયનારાયણ વ્યાસના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. પુસ્તક વિમોચન સમારોહને ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

શલાકા શકુંત આપ્ટે ૨૦ વર્ષનાં છે અને અમદાવાદમાં તેમના પરિવાર સાથે રહે છે. હાલમાં તે અગ્રેજી સાહિત્યમાં પૂર્વ સ્નાતક અભ્યાસ કરી રહ્યાં છે. નાની વયથી જ શલાકા ભાષા પ્રભાવથી મુગ્ધ રહ્યાં છે અને પોતાનુ જીવન ભાષા અભ્યાસમાં વ્યતીત કરવાની ઈચ્છા ધરાવે છે. તેમણે પોતાની પ્રથમ કવિતા ૧૩ વર્ષની ઉંમરે લખી હતી અને એ પછી તેમણે પાછા વળીને જોયું નથી. આ કાવ્યો ૨૦ વર્ષની શલાકાએ દુનિયા પાસેથી જે કાંઈ શીખ્યું છે તેનો સંગ્રહ છે. આ કાવ્યો વ્યક્તિમાં રહેલી હિંમત અને જીવન સૌંદર્યને ચેતના બક્ષે તેવાં છે.

શલાકાનો આ કાવ્ય સંગ્રહ ભારતમાં એમેઝોન, ફ્લિપકાર્ટ અને નોશનપ્રેસ ઉપર ઉપલબ્ધ છે.

### ધ ચૅરીટેબલ ગૃપ ઑફ ફોટોગ્રાફીક ટ્રેડ એન્ડ ઈન્ટસ્ટ્રી દ્વારા આયોજિત ફોટો-વિડીયો ટ્રેડ ફૅરમાં

# ગાંધીનગરના પ્રોફેશનલ ફોટોગ્રાફર ગૃપનું સન્માન



ગાંધીનગર, તા. ૧

ધ ચૅરીટેબલ ગૃપ ઑફ ફોટોગ્રાફીક ટ્રેડ ઍન્ડ ઈન્ટસ્ટ્રી દ્વારા મહાત્મા મંદિર ખાતે ત્રિદિવસીય ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેરનું આયોજન શુક્રવારથી કરવામાં આવ્યું હતું. રવિવારે આ ટ્રેડ ફેરના અંતિમ દિવસે આયોજક ગૃપ દ્વારા ગાંધીનગરના પ્રોફેશનલ ફોટોગ્રાફર ગૃપનું સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકામાં સેવાકાર્યો







ગાંધીનગર, તા. ૧

પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાની ૧૦ સ્કૂલ્સમાં ગણપતિની ૧૦ મૂર્તિ ભેટમાં આપવામાં આવી હતી. આ મૂર્તિ નિત્ય પ્રાર્થના સમયે વિદ્યાર્થીઓ સમક્ષ રાખવાનો નિર્ણય સ્કૂલ્સ દ્વારા કરવામાં આવ્યો હતો. બાળકોને ચપ્પલ, નાસ્તો, પૅન્સિલ, રબરનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. જાલીયા, વાગોદર, જસવંતપુરા, માવજીપુરા, મેહસ, નવી ભેટાલી, ભેટાલી, વસઈ, કરણપુર તથા સુનોક ટાંડાની સ્કૂલને આ સેવાકાર્ય હેઠળ આવરી લેવામાં આવી હતી. ઉપરાંત આંગણવાડીનાં બાળકોને નવાં કપડાં ભેટ આપવામાં આવ્યાં હતાં. સમિતિ તરફથી શ્રાવણ, નિખિલ અને મિલિન્દભાઈ આ સેવાકાર્યોમાં જોડાયાં હતાં.

ઉલ્લેખનીય છે કે છેલ્લાં છ વર્ષમાં ૬૦ જેટલી ગણપતિની મૂર્તિ વિવિધ સ્કૂલ્સમાં આપવામાં આવી છે.

## મિચ્છામી દુક્કડમ

જિંદગી સુખી જીવવા, નવકારનું સૌ ધ્યાન ધરજો;
રહે પ્રેમ પરિવારમાં, દયા કરી ખૂબ દાન કરજો.
અરિહંત, સિદ્ધ, આચાર્યના ઘણા ગુણગાન કરજો;
ઉપાધ્યાય, સાધુ ચરણમાં નમ્રતાથી નમન કરજો.
સંસ્કારના સરવાળા કરી માબાપનું સન્માન કરજો;
બદીઓની બાદબાકી કરી, ભૂલોના ભાગાકાર કરજો.
સત્ય, અહિંસા, કરૂણા, સેવા, ગુણોના ગુણાકાર કરજો;
જય જિનેન્દ્ર-જય જિનેન્દ્ર બોલી, જયજયકાર કરજો.
જિન અને જૈન જણસ છે, જીવને ઉજાગર કરજો;
જીવદયાની જ્યોત જગાવી, જુલમો સૌ દૂર કરજો.
ભૂલથીય જો ભૂલ થઈ હોય તો બધાંને માફ કરજો;
'મિચ્છામી દુક્કડમ' કહી, દિલથી દિલને સાફ કરજો.
તીર્થંકરોનાં દર્શન કરી, દૂર સૌનાં પાપ કરજો;
જૈનમ જયતિ શાસન કહી, નવકારના જાપ કરજો

- પી એમ પરમાર

## સાદરામાં ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ અને રાષ્ટ્રીય રમત દિવસની મોટા પાયે ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરામાં ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ અને રાષ્ટ્રીય રમત દિવસની મોટા પાયે ઉજવણી કરવામાં આવી હતી.

સંસ્થાના વિદ્યાર્થીઓ વચ્ચે ઈન્ટર હાઉસ કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ ઉદ્‌ઘાટન પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી ડૉ. અનામિક શાહ મુખ્ય મહેમાન તરીકે અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ભૂતપૂર્વ નિયામક ગોવિંદભાઈ ગોઠી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અબુભાઈ રબારી, ડૉ. જગદીશચંદ્ર ગોઠી, ડૉ. વિજયભાઈ મકવાણા, ડો. જગદીશચંદ્ર સાવલિયાએ આ પ્રસંગે ખાસ હાજરી આપી હતી. સ્વાગત પ્રવચન અને ફીટ ઈન્ડિયા મૂવમેન્ટનો પરિચય સંસ્થાના ડીન પ્રભુલાલ કાસુન્દ્રાએ આપ્યુ હતો. આ અવસરે સંસ્થામાં ત્રીસ વર્ષ પૂર્ણ કરી નિવૃત્ત થઈ રહેલા અબુભાઈ રબારીનું સન્માન પણ શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું. ફીટ ઈન્ડિયા મૂવમેન્ટને લગતી પ્રતિજ્ઞા અને શપથ લેવડાવાની કામગીરી રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન કન્વીનર કિશન બાવળિયા અને આભાર વિધિ બેચર ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

### ગણપત યુનિવર્સિટી સંલગ્ન સૅન્ટર ફૉર હૅલ્થ દ્વારા

# કૉર્પોરેટ એકમ સાથે જોડાણ કરાયું વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટની ખાતરી



ગાંધીનગર, તા. ૧

હાઈટેક અને ઈન્ડસ્ટ્રી ફોકસ્ડ કોર્સિસ ઑફર કરવા માટે ખ્યાત ગણપત યુનિવર્સિટીના સૅન્ટર ફૉર હૅલ્થ ઍન્ડ ઍપ્લાઈડ સાયન્સિઝ તથા અમદાવાદની સંસ્થા અભ્યુદય ટેકનો ઈકોનોમિક કન્સલ્ટન્ટ્સ પ્રા. લિ. વચ્ચે તાજેતરમાં એક એમઓયુ સાઈન કરવામાં આવ્યો, જેની ફળશ્રુતી રૂપે અભ્યુદય દ્વારા ગણપત યુનિવર્સિટીના બીએસસી, ફૂડ ટેકનોલોજીના વિદ્યાર્થીઓને સો ટકા પ્લેસમેન્ટ માટેની બાંહેધરી આપવામાં આવી હતી. કંપનીએ વિદ્યાર્થીઓને આ માટેની જરૂરી ટ્રેનીંગ પૂરી પાડવાની પણ ખાતરી આપી હતી.

યુનિવર્સિટીના ડિરેક્ટર જનરલ પ્રૉ. ડૉ. મહેન્દ્ર શર્મા અને અભ્યુદયના સીઍમડી ધવલ રાવલ દ્વારા આ ઍમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા. આ અવસરે કોલેજના બીએસસી અને એમએસસીના નવા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## વાત કસોટીની

॥ ત્રીજો મણકો ॥

આર્થિક મદદના અભાવની બીકે મને જરાયે ચિંતામાં નહોતો નાખ્યો. પણ આ આંતરખળભળાટ વસમો થઈ પડ્યો. દાનીબહેન સામાન્ય બાઈ હતી. દૂદાભાઈનું ભણતર સહજ હતું, પણ તેમની સમજ સારી હતી, તેમની ધીરજ મને ગમી હતી. ત્વમને કોઈ વેળા ક્રોધ આવતો, પણ એકંદરે તેમની સહનશક્તિની મારા ઉપર સારી છાપ પડેલી. ઝીણાં અપમાનો ગળી જવાનું હું દૂદાભાઈને વીનવતો ને તે સમજી જતા અને દાનીબહેન પાસે સહન કરાવતા.

ગાંધીયાત્રા

આ કુટુંબને આશ્રમમાં રાખીને આશ્રમને ઘણા પાઠ મળ્યા છે. અને આરંભકાળમાં જ અસ્પૃશ્યતાને આશ્રમમાં સ્થાન નથી જ એમ સાવ સ્પષ્ટ થઈ જવાથી, આશ્રમની મર્યાદા અંકાઈ ગઈ, ને તેનું કામ એ દિશામાં બહુ સરળ થઈ ગયું. આમ છતાં, આશ્રમને તેનું ખર્ચ, વધતું જતું હોવા છતાં, મુખ્ય ભાગે ચુસ્ત ગણાતા હિંદુઓ તરફથી જ મળતું આવ્યું છે એ કદાચ સ્પષ્ટ રીતે સૂચવે છે કે અસ્પૃશ્યતાની જડ સારી પેઠે હલી ગઈ છે. આના બીજા પુરાવા તો ઘણાયે છે જ. પણ અંત્યજનો સાથે જ્યાં ખાવા સુધીના વહેવાર રાખવામાં આવે છે ત્યાં પણ પોતાને સનાતની માનતા હિંદુ મદદ આપે એ નજીવો પુરાવો ન ગણાય.

આ જ પ્રશ્ન અંગે બીજી પણ આશ્રમમાં થયેલી ચોખવટ, તેને અંગે ઊઠેલા નાજુક પ્રશ્નોનો ઉકેલ, કેટલીક અણધારી અગવડોનું વધાવી લેવું, વગેરે સત્યની શોધને અંગે થયેલા પ્રયોગોનાં વર્ણનો પ્રસ્તુત હોવા છતાં મારે મેલી જ દેવાં પડે છે, એનું મને દુઃખ છે. પણ હવે પછીનાં પ્રકરણોમાં આ દોષ રહ્યો જ જશે. અગત્યની હકીકતો મારે છોડવી પડશે, કેમ કે તેમાં ભાગ લેનારાં પાત્રો ઘણાં હજુ મોજૂદ છે, તેમની રજા વિના, તેમનાં નામો ને તેમની સાથેના પ્રસંગોનો છૂટથી ઉપયોગ કરવો અયોગ્ય લાગે છે. બધાની સંમતિ વખતોવખત માગવી અથવા તેમને લગતી હકીકતો તેમને મોકલી સુધરાવવી એ ન બને તેવું છે, ને આ આત્મકથાની મર્યાદાની બહારની એ વાત છે. તેથી, હવે પછીની કથા, જોકે મારી દષ્ટિએ સત્યના શોધકને સારુ જાણવાયોગ્ય છે તે છતાં, અધૂરી અપાયા કરશે એવો મને ડર છે. આમ છતાં, અસહકારના યુગ લગી ઈશ્વર પહોંચવા દે તો પહોંચવું એવી મારી ઈચ્છા અને આશા છે.

સૌજન્ય : સત્યના પ્રયોગો